INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૦૫-૦૬-૨૦૨૬

## ઇથેનોલ પ્લાન્ટ શરૂ કરવાના પ્રસ્તાવ સામે સ્થાનિકોના વિરોધને લઈ આંકલાવ ધારાસભ્યશ્રી અમિત ચાવડાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર

- **ઇથેનોલ પ્લાન્ટથી ખેતી, પશુપાલન, આરોગ્ય અને પર્યાવરણને ભારે નુકશાન થશે : શ્રી અમિત ચાવડા**
- **ઇથેનોલ પ્લાન્ટથી હવા, પાણી અને જમીન પ્રદૂષણના ભયથી સારસા સહિત આસપાસના ગામોમાં રહેતા લોકોને ઉગ્ર વિરોધ: શ્રી અમિત ચાવડા**
- **સારસાનો ઇથેનોલ પ્લાન્ટ તાત્કાલિક રદ કરવામાં નહી આવે તો ઉગ્ર જનઆંદોલન કરાશે:શ્રી અમિત ચાવડા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અનં આંકલાવના ધારાસભ્ય માનનીય શ્રી અમિતભાઈ ચાવડાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને ઉગ્ર વિરોધ દર્શાવતા જણાવ્યું હતું કે, તેમના મત વિસ્તારના સારસા ગામ તાલુકો આણંદ એ સમગ્ર વિસ્તારમાં સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને આર્થિક દ્રષ્ટિએ સમૃદ્ધ ગામ છે. ગામના સર્વ સમાજના લોકો દ્વારા હંમેશા વિકાસના કોઈપણ કાર્યમાં સહભાગી થઈને સમર્થન આપ્યું છે. પરંતુ જે સારસા ગામના સીટી સર્વે નંબર:NA1383/1 તથા રેવન્યુ સર્વે/બ્લોક નંબર 1365+1369+1370/1 ખાતે ઇથેનોલ પ્લાન્ટ શરૂ કરવાનો પ્રસ્તાવ છે, તેની સામે ગામના લોકો અને આજુબાજુના ગામના લોકોનો ઉગ્ર વિરોધ છે. ઇથેનોલ પ્લાન્ટના કારણે સમગ્ર વિસ્તારમાં હવા, પાણી તેમજ જમીનના પ્રદૂષણ થી લોકોના આરોગ્યને મોટું નુકસાન થશે.

આ સમગ્ર વિસ્તારની જમીન જે ખૂબ જ ફળદ્રુપ છે અને ભૂગર્ભ જળ પણ ખૂબજ સારા છે તે પ્રદૂષિત થશે તેના કારણે સ્થાનિક રહીશોના આરોગ્યને પણ મોટું જોખમ ઉભું થશે. સમગ્ર વિસ્તાર ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર છે, હવા, પાણી, જમીનના પ્રદૂષણ થી લોકોને આર્થિક રીતે પણ મોટું નુકસાન થશે. અમે સમગ્ર ગામ અને તાલુકાના લોકો સાથે મળીને આ પ્રોજેક્ટને મંજૂરી આપવા સામે ઉગ્ર વિરોધ કરીએ છીએ.આ પ્રોજેક્ટ તાત્કાલિક ધોરણે રદ કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
મો. ૯૮૯૮૩૩૦૩૮

**બીડાણ : ઇથેનોલ પ્લાન્ટ શરૂ કરવાના પ્રસ્તાવ સામે સ્થાનિકોના વિરોધને લઈ આંકલાવ ધારાસભ્ય શ્રી અમિત ચાવડા દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને લખેલ પત્રની કોપી.**

# અમીત ચાવડા

ધારાસભ્ય ૧૧૦ – આંકલાવ


સત્યમેવ જયતે

તા.૦૫-૦૬-૨૦૨૬

પ્રતિ, શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

માન. મુખ્ય મંત્રીશ્રી

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

જય ભારત સહ જણાવવાનું કે, મારા મત વિસ્તારનું સારસા ગામ તાલુકો આણંદ એ સમગ્ર વિસ્તારમાં સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને આર્થિક દ્રષ્ટિએ સમૃદ્ધ ગામ છે. ગામના સર્વ સમાજના લોકો દ્વારા હંમેશા વિકાસના કોઈપણ કાર્યમાં સહભાગી થઈને સમર્થન આપ્યું છે. પરંતુ જે સારસા ગામના સીટી સર્વે નંબર:NA1383/1 તથા રેવન્યુ સર્વે/બ્લોક નંબર 1365+1369+1370/1 ખાતે ઇથેનોલ પ્લાન્ટ શરૂ કરવાનો પ્રસ્તાવ છે, તેની સામે ગામના લોકો અને આજુબાજુના ગામના લોકોનો ઉગ્ર વિરોધ છે. ઇથેનોલ પ્લાન્ટના કારણે સમગ્ર વિસ્તારમાં હવા, પાણી તેમજ જમીનના પ્રદૂષણ થી લોકોના આરોગ્યને મોટું નુકસાન થશે. આ સમગ્ર વિસ્તારની જમીન જે ખૂબ જ ફળદ્રુપ છે અને ભૂગર્ભ જળ પણ ખુબજ સારા છે તે પ્રદૂષિત થશે તેના કારણે સ્થાનિક રહીશોના આરોગ્યને પણ મોટું જોખમ ઊભું થશે. સમગ્ર વિસ્તાર ખેતી અને પશુપાલન ઉપર નિર્ભર છે, હવા, પાણી, જમીનના પ્રદૂષણ થી લોકોને આર્થિક રીતે પણ મોટું નુકસાન થશે. અમે સમગ્ર ગામ અને તાલુકાના લોકો સાથે મળીને આ પ્રોજેક્ટને મંજૂરી આપવા સામે ઉગ્ર વિરોધ કરીએ છીએ.આ પ્રોજેક્ટ તાત્કાલિક ધોરણે રદ કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે જે વિદિત થાય.

<u>નકલ રવાના</u>

પ્રતિ કલેકટરશ્રી, આણંદ

આપનો

અમીત ચાવડા

(અમીત ચાવડા)


કેશવનગર, આંકલાવ, જિ. આણંદ.

ફોન નં. (૦૨૬૯૬) (ઓ) ૨૮૨૮૪૪, ફેક્સ : ૨૮૨૬૪૪

E-mail : aac_mla@yahoo.com